Extra No. 169

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **THURSDAY, JUNE 25, 2026 / ASADHA 4, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધા:

(૧) સેનાપતિ, રા.અ.પો.દળ જુથ-૬, મુડેટી, જિ. સાબરકાંઠાના પત્ર ક્રમાંક:વહટ સીબી-૪/વા.ફા/જાહેરનામું /૨૧૮૭/૨૦૨૬, તા.૧૯/૦૫/૨૦૨૬

(૨) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ)

-::જાહેરનામું:-

નં.ડી.સી./પી.ઓ.એલ./વશી/૪૯૧ થી ૫૦૨/૨૦૨૬.-અરવલ્લી જિલ્લાનાં ભિલોડા તાલુકાના ગંભીરપુરા (માંકરોડા) ગામ ખાતે ફાયરીંગ બટ આવેલ છે. વંચાણે લીધેલ પત્ર-૧ મુજબ સદર ફાયરીંગ બટમાં રા.અ.પો.દળ જુથ-૬, મુડેટી જુથના અધિકારી/જવાનોનું વર્ષ-૨૦૨૬નું વાર્ષિક ફાયરીંગ પ્રેક્ટીસ તા.૦૧/૦૮/૨૦૨૬ થી તા.૩૧/૦૮/૨૦૨૬ સુધી થનાર છે. સદર ફાયરીંગ પ્રેક્ટીસ દરમિયાન કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે અગમચેતીના પગલાં રૂપે ફાયરીંગ બટની આજુબાજુના વિસ્તારમાં રાહદારીઓ તેમજ વાહનોના પ્રવેશવા સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) અન્વયે પ્રવેશબંધી ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જેથી વંચાણે લીધેલ પત્ર-૧થી રજુ થયેલ દરખાસ્ત અન્વયે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવું ઉચિત જણાય છે.

આથી હું મિલિન્દ બાપના, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી-મોડાસા સને ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૩-(૧) (ખ) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ગંભીરપુરા (માંકરોડા) ખાતેના ફાયરીંગ બટ ઉપર રા.અ.પો.દળ જુથ-૬,મુડેટી જુથના અધિકારી/જવાનોનું વર્ષ-૨૦૨૬નું વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ કરવા માટે ઉકત બટ વિસ્તારની જમીનની આજુબાજુના ૧.૬ કિ.મી.ની ત્રિજયાના વિસ્તારમાં કોઈ પણ વ્યક્તિએ તા. ૦૧/૦૮/૨૦૨૬ થી તા. ૩૧/૦૮/૨૦૨૬ સુધી સવારના ૭-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાક સુધી પ્રવેશ કરવો કે કરાવવો નહીં તેમજ ઉકત વિસ્તારમાં દર્શાવેલ દિવસો અને સમયે ઢોર ઢાંખર લઈને પ્રવેશ કરવો કે કરાવવો નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઉકત અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર હશે.

આ હુકમનો ભંગ કરનાર સામે ફરીયાદ માંડવા ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજજાના સક્ષમ સત્તાઅધિકારીઓને આથી અધિકૃત કરવામાં આવે છે.

બિન અધિકૃત પ્રવેશથી જો કોઈ નુકશાન થશે તો કોઈ પણ પ્રકારના વળતરને પાત્ર રહેશે નહીં.

આજરોજ મારી તા.૨૨/૬/૨૦૨૬ના મારી સહી તથા સિક્કો કરી આપ્યો

મિલિન્દ બાપના
જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.07.29 17:31:37 IST